# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી - 4 : 2020-21

**ધોરણ-10**

Time : 45 Minutes **વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (01)** Total Marks : 25

---

### પદ્ય વિભાગ

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલ જોડકા ગોઠવો.** **[2]**

| 'અ' - વિભાગ (પાત્ર) | 'બ' - વિભાગ (કૃતિ) |
|---|---|
| (1) ગોવિંદ | (1) રેસનો ઘોડો |
| (2) સંજય | (2) છત્રી |
| | (3) ચોપડાની ઈન્દ્રજાળ |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો એક વાક્યમાં આપો.** **[2]**

(1) લેખક રાજકોટ છત્રી લેવા જવાની બાબતમાં શા માટે મક્કમ રહ્યા ?

(2) શાહુકાર હિસાબનું ગણિત કેવું ગણતા ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે એક)** **[2]**

(1) જીવલો દાનતનો શુદ્ધ હતો એમ શા પરથી કહી શકાય ?

(2) માણસ કઈ વાત ગૌરવપૂર્વક કહે છે ?

### ગદ્ય વિભાગ

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા જોડકા ગોઠવો.** **[2]**

| 'અ' - વિભાગ | 'બ' - વિભાગ |
|---|---|
| કૃતિ | સા. પ્રકાર |
| (1) શિકારીને | (1) ગઝલ |
| (2) દીકરી | (2) ઊર્મિગીત |
| | (3) ગીત |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** **[2]**

(1) દીકરી સ્વર્ગમાં કયા સ્વરૂપે દેખાય છે ?

(2) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (ગમે તે એક)** **[2]**

(1) કવિ ગુજરાતને મહાજાતિ કહે છે ? શા માટે ?

(2) 'શિકારીને' કાવ્યમાં કવિએ રજૂ કરેલો પક્ષી પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.



Scanned by CamScanner

## <u>વ્યાકરણ વિભાગ</u>

**પ્રશ્ન-3 ● માગ્યા પ્રમાણે ઉત્તરો આપો.**

**(1) <u>જોડણી સુધારો.</u>** [1]

- સુરાતન (શૂરાતન, સુરાતન, શુરાતન)
- ખાત્રી (ખાતરિ, ખાતરી, ખાત્રરી)

**(2) <u>જોડણીભેદ - અર્થભેદ આપો.</u>** [1]

● અફર ● અફળ

**(3) <u>સંધિ છોડો</u>** [1]

- સૂર્યોદય

**(4) <u>સમાસ ઓળખાવો.</u>** [1]

- દશાનન

(તત્પુરુષ સમાસ, કર્મધારય સમાસ, બહુવ્રીહિ સમાસ)

**(5) <u>વાક્યમાંથી ક્રિયા વિશેષણ શોધી પ્રકાર જણાવો.</u>** [1]

- શક્તિ ઝડપથી ચાલે છે.

**(6) <u>જોડકું ગોઠવો.</u>** [2]

| <u>'અ' - વિભાગ</u> | <u>'બ' - વિભાગ</u> |
|---|---|
| 1. કર્તરિ વાક્ય | 1. શિક્ષકે વિદ્યાર્થી પાસે ચિત્રો દોરાવ્યાં. |
| 2. કર્મણિ વાક્ય | 2. અમે જીવલાના ઘરે પહોંચ્યા. |
| | 3. મંજુકાકી દ્વારા મારા પર હલ્લો કરાયો. |

## <u>● લેખન વિભાગ ●</u>

**પ્રશ્ન-4 (અ) <u>અહેવાલ લેખન</u>** [3]

તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ દિનનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

**(બ) <u>સાર લેખન</u>** [3]

**નીચે આપેલો ગદ્યખંડ વાંચી ત્રીજા ભાગનો સાર લખી યોગ્ય શીર્ષક આપો.**

''એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે તેમ તેમ વધુને વધુ જ્ઞાન પ્રાપ્ત થશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ-પોલિશવાળો પણ જેટલો વધારે એકાગ્ર થશે તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે. એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય કરવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધુ જ્ઞાન ક્યાં મેળવાયું છે ? આપણે એના દ્વાર કેમ ખખડાવવા તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો ? તે પિછાણીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લા કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.'' **-સ્વામી વિવેકાનંદ**

●●●



Scanned by CamScanner